# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ડિગ્રી એન્જિનિયરીંગ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) - ૨૦૨૦ ની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવનાર છે.

COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઇ ગુજકેટ-૨૦૨૦ ના આવેદનપત્ર ભરવાના રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થી તા.૧૮/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં લેઇટ ફી સાથે બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા gujcet.gseb.org પરથી ઓનલાઇન આવેદનપત્ર ભરી શકશે. (જે વિદ્યાર્થીઓએ અગાઉ ઓનલાઇન / ઓફલાઇન આવેદનપત્ર ભરેલ છે તેઓએ ફરીથી આવેદનપત્ર ભરવાના નથી.)

COVID-19 ની પરિસ્થિતિને કારણે સ્થળાંતર કરેલ હોય તેવા ઉમેદવારો માટે ચાલુ વર્ષ - ૨૦૨૦ પુરતુ વિદ્યાર્થી ઇચ્છે તો ગુજકેટ પરીક્ષા આપવા માટેનો જિલ્લો બદલી શકશે. તા.૧૮/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં જિલ્લો બદલવા માટેની અરજી કરી શકાશે. જિલ્લો બદલવાની અરજી કરવા માટે બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા gujcet.gseb.org પર જઇને પોતાના અગાઉ રજીસ્ટર કરેલા મોબાઇલ નંબર / Email ID અને પાસવર્ડ મારફતે લોગીન કરી "Center Change" વિકલ્પમાં જઇ "New Center" ની સામે નવો જિલ્લો પસંદ કરવાનો રહેશે. જિલ્લો બદલવાની અરજી સબમીટ કર્યા બાદ રજીસ્ટર કરેલા મોબાઈલ નંબર પર મળેલ OTP ભરી ફરી સબમીટ કરવાનું રહેશે. પોતાની Application વિકલ્પમાં જઇ View / Print વિકલ્પમાં જઇ નવા જિલ્લાની વિગત ચકાસી લેવાની રહેશે અને ઉમેદવારે પસંદ કરેલ નવા જિલ્લામાં પરીક્ષા આપવાની રહેશે. અંતિમ તારીખ બાદ જિલ્લો બદલવાની અરજી સ્વીકારવામાં આવશે નહી જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૧૬/૦૭/૨૦૨૦
સ્થળ :- ગાંધીનગર